ॐ

पतिव्रता गुणसुंदरी नाटक.

ઓપેરા.

યશસ્વી નાટયોનાં રાગોથી ભરપૂર.

ભાવનગર "આર્ય સત્યધર્મવર્ધક નાટક મંડળીને માટે.

બનાવનાર,

વિરપાલ વિ. હંસરાજ શાહ.

ધ્રાંગધરા—કાઠિયાવાડ.

પ્રસિદ્ધ કર્ત્તા,

સુખલાલ ઇશ્વરદાસ શાહ.

પ્રથમાવૃત્તિ—પ્રત ૧,૦૦૦.

અમદાવાદ.

હાજાપીરમાં "ગુજરાત ગેઝીટ" પ્રેસમાં છાપ્યાં.

સંવત્ ૧૯૫૦ વિક્રમાર્ક. સને ૧૮૯૪.

કિમ્મત ૨ આના.

૫૬૨૩

ૐ

पतिव्रता गुणसुंदरी नाटक.

ઓપેરા.

યશસ્વી નાટયોનાં રાગોથી ભરપૂર.

ભાવનગર "આર્ય સત્યધર્મવર્ધક નાટક મંડળીનેમાટે.

બનાવનાર,

વિરપાલ વિ. હંસરાજ શાહ.

ધ્રાંગધરા—કાઠિયાવાડ.

પ્રસિદ્ધ કર્ત્તા,

સુખલાલ ઇશ્વરદાસ શાહ.

પ્રથમાવૃત્તિ—પ્રત ૧,૦૦૦.

અમદાવાદ.

દાણાપીઠમાં "ગુજરાત ગેઝીટ" પ્રેસમાં છાપ્યાં.

સંવત ૧૯૫૦ વિક્રમાર્ક. સને ૧૮૯૪.

કિમ્મત ૨ આના.

નોટીસ.

આ બુક સને ૧૮૬૭ના ૨૫ મા આકટ પ્રમાણે રજીસ્ટર કરાવેલી છે. તો, કર્તાની રજા સિવાય છાપવી, છપાવવી યા ભજવવી નહીં તેમજ આ બુક કોઈ પણ સક્ષ પાસે કર્ત્તાની સહી રહિત માલમ પડશે તો, ચોરીથી લીધેલી છે, એમ ગણી તેના માટે કાયદેસર ઈલાજ લેવામાં આવશે.

લી૦ કર્ત્તા.

આ બુક આજ રોજ કિંમત રૂ૦-૨-૦ લેઈ આપવામાં આવી છે.

તા. માહે સને ૧૮૯

સહી.

श्री

જગદીશ્વરોજયતુ.

पतिव्रता गुणसुंदरी नाटक.

પ્રથમાવૃત્તિ.

મંગલાચરણ—શાર્દૂલવિક્રિડિત્ છંદ.

રે ! મૈયા સરસ્વત્ત આજ અરજી, ધારો ઉરે માહરી;
ગ્રન્થારંભ શિશુ પહેલ કરતાં, માગુ રજા તાહરી.
આ શાણી સતિ નાટય અલ્પમતિથી પ્રેમે, રચુ આ ફરી.
કર્જો પૂરણ સ્હાય માય મુજને, જીવ્હાગ્ર વાસો વરી.

સર્વપાત્રો—(કુદરત રહેમતકા એ રાહ.)

સુખકર દુઃખ હરતા, હે ઇશ ધીશ ત્રિયુગના; સુખ૦
કરતા ધરતા તું, છે તરતા કરતા તું.
પાપ નિકંદન વંદન ધાર, દે વર તું હે ! જગદાધાર; સુખ૦
ભવદુઃખ ભંજન રંજન હાર, સુખમાં પણ તારો આધાર. સુ૦
નાટચારંભ કરે તવ બાળ, ભજવવા દે ધિ ભરતાર, સુખ૦
રસનાપાત્રો તણી રસદાર, શુદ્ધ કરી દે સરજનહાર; સુખ૦
વિનતિ કરે બાલ વારંવાર, "સત્યધર્મ"ને તુજ આધાર, સુખ.

નટી—(વૈશાકમાં રૂતુ વસંત શોભતિ જહાં) એ રાહ.

જયાપતિની સ્નેહગાંઠ, અજબ દિસે એહ;
સતિ હમેશાં નાથ સાથ, રાખે શુદ્ધ સ્નેહ. જાયા. ટેક.
અન્યો અન્ય અતૂળીત, અનુરાગી થાય;
અધર અભિ નવ તણાં, અમૃતે દુઃખ જાય,
કદિ પતિ સતિ મૂકીને, જો વિદેશ જાય;
અન્ન અને શૃંગાર ત્યાગી, નિજ દમાવે દેહ. જાયા.
ધ્યાન એક ધરે પતિનું, અવર ઇષ્ટ દેવ;
કાન્ત આવે જવ પોતાનાં, પ્રેમેથી કરે સેવ,
સ્વામિ સંગે રમતા રંગે, કરે વિહાર એવ;
સેવા પતિની કદી ન ચૂકે, સ્વપ્ને ન જાય નેહ.જાયા.

સૂત્રધાર— ગીતિ.

પ્રિયા ત્હારૂં કહેવું, સત્ય માનુંછુ દીલ વિષે મારા;
દિલ્હી શે'રની માંહી, થઇ એવી ગુણસુંદરી સતિ દારા.
ઉભય કૂળ શોભાવી, શિયળ પાળ્યું ખાંડાની ધારે;
તે નાટક રજુ તેનું, ભજવી બતાવું પ્રેમ ધરી ભારે.

———o———

नाट्यारंभ.

સિહાનો કાનરો.

ગુણસુંદરી—(આમ વિચાર વિના શું બોલે) એ રાહ.

પ્રાણવલ્લભ મુજ વાત સુણોને, અકળ કળા આ ઇશની ન્યારી;
વિવિધ વિભુની આ રચનાને, કોઇ ન પામે પાર નિહાળી. પ્રાણ.
ગગન ઘટા ઘનઘોર દીસે આ, આચ્છાદન થયો ચંદ્ર આ વારી.પ્રાણ.
શું સુસવાટી સમિર તણી આ, મુજને લાગે મહા ભયકારી. પ્રાણ.
દામિની દમકે ચૌદિશ પ્યારા, દેખીને થરકે છાતિ આ મારી.પ્રાણ.
ઘન ગાજી પિયુ બીરૂ બનાવે, થાય કડાકા જોસથી ભારી. પ્રાણ.
ઝરમર ઝરમર મેહુલા વરસે, ચાતકને મન આજ દિવાળી. પ્રાણ.
સુણો બપૈયા પિયુ પુકારે, મયૂર રહ્યા ટિહુકાર ઉચ્ચારી. પ્રાણ.
રચના અલૌકિક વર્ણી ન જાયે, વર્ષા દિયેછે આનંદ વધારી.પ્રાણ.
સફળ ગણુંછું આ જનમારો, પિયુ મ્હારા છો પાસ મહારી. પ્રાણ

રાગ.

ઝવેરચંદ—(પ્રિય મિત્ર વિના હો ભાઈ) એ રાહ.

તું શ્રવણ કર પ્રિયા મારી, એ ઇશ કૃતિ બલિહારી;
આ રચના એની જોઇએ, દીલ દર્પ હોય તે ખોઇએ.
કેવાં કાર્ય કર્યાં હિતકારી, એ ઇશ કૃતિ બલિહારી, તું.
જેણે ભુમંડળ બણાવ્યું, વળી આપણું જોડું જણાવ્યું;
છે કામ એનાં ઉપકારી, એ ઇશ કૃતિ બલિહારી. તું.
રચી અદ્ભૂત રચના જગમાં, શિશુ માટે જતુની સ્તનમાં;

જે પય નિપજાવ્યું પ્યારી, એ ઇશ કૃતિ બલિહારી. તું.
એને કામ મોટાં બહુ કીધાં, ભક્તોને ઉગારી લીધાં;
પાપીને નાખ્યા સંહારી, એ ઇશ કૃતિ બલિહારી. તું.
આપ્યો ઉત્તમ આ અવતાર, જેથી ભક્તિ થાય અપાર;
માનું અહેશાન અપરંપારી, એ ઇશ કૃતિ બલિહારી. તું.
મંદ મંદ પવન આ આવે, તે મન મ્હારૂં હરખાવે;
એની ગતિ ગહન છે પ્યારી, એ ઇશ કૃતિ બલિહારી. તું.

ઠુમરી.

ગુણસુંદરી—(પુત્રી યોગ્ય થઇ વરવાને) એ રાહ.

પ્રાણ જીવન મમ પ્રાણથી પ્યારા;
થાઓ નહિ કદિ નયનથી ન્યારા. પ્રાણ૦
આપ વિના ક્ષણ એક ન જાવે,
ભાન ભૂલી લાગે ભય હો, પ્યારા. પ્રાણ૦
તુમ દર્શન વિણ અન્ન ન ભાવે;
મહા દુઃખ લાગે મુજને હો, પ્યારા. પ્રાણ૦
નયન મિલાવી નિશદિન પાસે;
રહો તો રહે આનંદ હો, પ્યારા. પ્રાણ.

આશાગોડી.

ઝવેરચંદ—(અવરં મદન અલબેલો) એ રાહ.

વદન મનોહર તારૂં, પ્રિયા મારી, વદન મનોહર તારૂં,
પ્રિયકર વાણી મધુરી શું લાગે, શુણી દુઃખ સરવે વિસારૂં. પ્રિયા.

સ્મિત હાસ્યેથી ગૌર કપોલે, ચિબૂક પડે લાગે પ્યારૂં. પ્રિયા.
ઔષ્ટ સંપુટમાં અમૃત વાવ્યું, કલહ પ્રિયા કાપનારૂં. પ્રિયા.
નેત્ર કમલ આ તારૂણી તારા, નિરખી આનંદ વધારૂં. પ્રિયા.
ચંદન ચર્ચિત મદમત્ મુગ્ધા, જ્યોતિ શશિની નિહાળું. પ્રિયા.
કોક વિલાસીની તુજ વિલાસે, સ્વર્ગ તણું સુખ ધારૂં. પ્રિયા.
ધન્ય ભાગ્ય મારા મુજને વરી તુ, એમ સદા હું વિચારૂં. પ્રિયા.

ભિક્ષાર્થી—(આખા કહેછે રે શુણરે સાહેલી) એ રાહ.

હુંતો કયારનોંયે ગામમાં ફરૂં, પડે ટાઢ તેથી ટાઢે મરૂં;
કયાંઈથી અન્ન પાશેર ન મળિયું, પાપ પેલા ભવનું આજ ફળિયું.
મેઘ વરસેને વિજળી ચમકે, દેખી દીલ મારૂં બઉ થડકે;
ક્ષુધાથી ન હવે તો ચલાય, જેથી મન મારૂં ગભરાય;
ભૂંડામાં ભૂંડી છે રે ભિક્ષા, આથી સારી મરવાની શિક્ષા;
પ્રભુ આવો શો છે? મારો વાંક; હજુ આવ્યો ન દુઃખનો આંક.

ભિક્ષાર્થી—(કુંવરી કુંવર મારા લાડકા) એ રાહ.

શેઠ અરજ મારી સાંભળો, ભૂખ્યો મરૂં છું આજ;
દયા ધરી દીન ઉપરે, આપો અન્ન મહારાજ. શેઠ૦
આરે અંધારામાં કયારનો, ફરતો ફરૂં છું શેઠ;
પાશેર અન્ન મળ્યું નહિ, બહુ પિડેછે પેટ. શેઠ૦
બહુ ચમકે વિજ આભમાં, વરષાદનું જોર;
ફાટી હૃદય મારૂં જાય છે, દેખી અંધારૂં ઘોર. શેઠ૦
વસ્ત્ર બધાં વરષાદથી, ગયાં ભિંજાઇ હાય;
આપો મુને કાંઇક ઓઢવા, તમને દેશે જગરાય. શેઠ૦

ઝવેરચંદ— **ગીતિ.**

અમૂલ્ય કડાં લે આપુ', સુખી થઇશ તું ઘેર હવે તારે;
ઇશે મુજને આપ્યું, જેથી કાંઇજ ખોટ નથી મારે.

ભિક્ષાર્થી—

કલ્યાણ શેઠ તમારૂં, ઇશ્વર કરશે આશિશ હું આપું;
દિલ દરિયાવ કરીને, સંકટ મારૂં શેઠ તમે કાપ્યું.
(ઝવેરચંદને ભિખારી ગયા બાદ શિખામણ આપે છે.)

ગુણસુંદરી—(ધિક્ સુવા ધિક્ સુજને એ રાહ.)

અલ્પમતિની આ વિનતી, આપ ધરજો ધ્યાનજી;
યોગ્ય કહેવાને હું છું નહીં, દેશો ક્ષમા કરી દાન જી.
ક્રોધેરે ભરાશો નહીં નાથજી;
અમૂલ્ય કડાંનું દાન આપીયું, એતો અઘટિત કામજી;
આવીરે રીતે દાન આપતાં, કાંઈ રહે નહીં દામજી.
ક્રોધેરે ભરાશો નહીં નાથજી.
અન્ન આપો તેતો ઠીક છે, વળી વસ્ત્ર દેવાયજી;
પુંજ કીજેરે પૈસા તણો, તો તે આમ નાશ થાયજી. ક્રો૦
નિર, નદીને તળાવનાં, થોડે થોડે સૂકાયજી;
તેમ તમે પિયુ વાવરો, તોતો ફના થઇ જાયજી. ક્રો૦
ખબર નથી કંઈ આપને, દ્રવ્ય કેમ ભેગુ થાયજી ?
તેતોરે પૂછો મેળવનારને, કષ્ટ પામેછે કાયજી. ક્રો૦
દેહ દમન બહુ થાય છે, ભેગું કરતાં ધનજી;
વણસતા વાર લાગે નહીં, તે વિચારોને મનજી. ક્રો૦

જવેરચંદ—(જુઓ જુઓ પિત્રે ભીડી હામ એ રાહ.)

ધિક્ ધિક્ હાય મુંનેછે ધિક્કાર,
બેશી રહ્યો હું આજ સુધીરે;
જેથી વચન બોલી આ ધરનાર, બેશી૦
ધરનાર જ્યારે બોલે છે, વચન; બેશી૦
ત્યારે બોલે શું નહીં બીજા જન, બેશી૦
મેં ઉદ્યમ કર્યો નહીં લગાર. બેશી૦
કેવો બની ગયો તો હું અંધકાર, બેશી૦
શુણુ પ્રાણ પ્રિયા, આ વાર, બેશી૦
હું છું જાવે જવાને તૈયાર, બેશી૦
મેં રળ્યા વિના ખાધું છે અન્ન, બેશી૦
જેથી કરવું પડે છે આ, સહન; બેશી૦
હવે દિલ્હીનું પાણી છે હરામ, બેશી૦
નિજ હાથે હવે રળી લાવું દામ. બેશી૦
રળી લાવું ત્યારે આવું આ શે'ર, બેશી૦
હવે કરવી ન ઘટે મારે લે'ર; બેશી૦

રાગ (સ્વગત.)

ધિક્ છે ધિક્ મતી, માહરીરે. ધિક૦
યોગ્ય ઉમરનો હું થઇ, રહ્યો રમતમાં રોજ;
દોલત મુજ દાદા તણી, ઉડાવી કરી બહુ મોજ,
માહરીરે ધિક છે.
ભિક્ષુકને મેં આપીયું, અમૂલ્ય કડાંનું દાન;

તે કારણ મુજ પતિએ, વચન કહ્યાં નિદાન;
માહરીરે ધિક છે.
કર કમાઇ કરવા હવે, જઉં જાવે હું આજ;
નવ રે'વું આ શેહેરમાં, અન્નોદક અઆજ,
માહરીરે ધિક છે.

श्लोक.

देशाटनं पण्डीत मित्रता च वारांगना राजसभा प्रवेशः।
अनेक शास्त्राणिविलोक्यतानि चातुर्यमुलादि भवंतिपंचः॥

ગુણસુંદરી—(માણુરા તું રેમાં પુત્રજ માહરા એ રાહ.)

પ્યારા પ્રાણનાથ ધરે દયા દીલમાં,
વચન શુણીને અંગે પ્રગટે લાયજો;
આ અબળાનેં આપ તણોરે આધાર છે;
આપ વિયોગે ભસ્મ થશે આ કાયજો. પ્યારા૦
અબળામાં સાહસપણું બહુ હોય છે;
તેથી કરીને કહેવાણું ક્રૂર વચન્ન જો,
પિતા તણાં ઘેર દ્રવ્યની તંગી દેખીને;
લોભીપણું રહ્યું છે મારે મન્ન જો. પ્યારા૦
વાત મૂકી દ્યો જાવે જાવા તણી પિયુ;
ખોટ નથી કંઈ વિત્ત તણી ઘર માંયજો,
દય કરજોડી નાથ નમી કહું આપનેં;
ક્રોધ સમાવો, બહુ અબળા મુંઝાય જો. પ્યારા૦

અનહદ થઈ છે સ્વામિ સમજોને મનમાં;
બોલો હસીને પ્રિતમ પ્રાણાધારજો,
મારા સમ છે રાખો ક્રોધ જો મનમાં;
પ્યાર જણાવો દાસીથી ભરથાર જો. પ્યારા૦

ઝવેરચંદ—(જુઓ જુઓ વિપ્રે ભીડી હામ એ રાહ.)

છટ છટ રહે તું હવે દૂર,
દિલ્હીમાં હું તો નહીં રહું રે;
દયા કેમ આવે હવે મુજ ઉર, દિલ્હીમાં૦
વૃથા પશ્ચાત્તાપ કરેથી શું થાય, દિલ્હીમાં૦
હવે ઝવેરચંદ ન બદલાય, દિલ્હીમાં૦
જ્યારે એઠા એઠા ખાધું મેં અન્ન. દિલ્હીમાં૦
ત્યારે બોલી ધરનાર તું વચન, દિલ્હીમાં૦
હવે પૃથવી પ્રલય ભલે થાય, દિલ્હીમાં૦
ભલે હર ઉર ક્ષોભ ઉપજાય, દિલ્હીમાં૦
ભલે અગ્નિની શિખા અધો જાય, દિલ્હીમાં૦
ભલે ક્ષુધાથી તરણસિંહ ખાય, દિલ્હીમાં૦
કર્યું દિલ્હી તણું પાણી મેં હરામ, દિલ્હીમાં૦
કેમ હવે ઘડી કરૂં વિશ્રામ, દિલ્હીમાં૦

ગુણસુંદરી—(રાજાજીરે ક્યાં જાવું છે મધ્ય રાતે એ રાહ.)

સ્વામિજીરે, શું મુજને ગભરાવી, જાઓછો ક્રોધ જણાવી,
હું અપરાધણરે, અરજ કરૂંછું આવી, પ્રિતમ દો ક્રોધ સમાવી;
દયા લાવોને દિલમાં સ્વામીરે, તજો વાત વિદેશ જવાનીરે.

તમને વિનવું છું શિરનામીરે, વ્હાલાજીરે, શું અવશો આ ભાવી,પ્રિ૦
મુને એકલડી પિયુ મેલીરે, નવ જાઓ બનાવીને ઘેલીરે;
કોણ આ અબળાનું બેલીરે, સંચરજોરે, આ મુજ શિર ઉડાવી.પ્રિ૦
પીડ વિરહાનળની થાશેરે, શી રીતે દિવસ મમ જાશેરે;
મુજ મન અતિ અકળાશેરે, જાઓ શુંરે, બૂરી દશા આ લાવી. પ્રિ૦

ઝવેરચંદ—(સખી જો, ખીલી વસંત બહાર એ રાહ.)

પ્રિયાદે, રજા મુને આ વાર;
પિતાની કમાઈ ખાઈ, બેશી રહું ક્યમ આંહીં,
જઇ જાવે કરૂં રોજગાર,—પ્રિયાદે.
દિલ્હી તણું અનજળ, હરામ કર્યું છે મેંતો,
નહીં હવે અહીં રહું નાર,—પ્રિયાદે.
આજ જો સરિત નિર, અવળા અબુના વહે;
તોય પણ નહીં રહેનાર,—પ્રિયાદે.

સોરઠ ગોડી.

ગુણસુંદરી—(ગદ્ ગદ્ કંઠે રજા આપે છે.)

(પિયુ મારા વચને પળજોરે) એ રાહ.

પિયુ મારા વ્હેલેરા વળજોરે, અબળા અરજી ઉર ધરજો;
વસમી છે વાટ જાવે જવાની, અંગનું રક્ષણ કરજોરે. અબળા૦
એક અટકી છો પિયુ મારા, દયા દીલમાં તમે ધરજોરે.અબળા૦
આ અબળાને આશ તમારી, છે તે ફળીભૂત કરજોરે.અબળા૦
દુરિત મારા દૂર કરીને, સ્વામિ તમે સંચરજોરે. અબળા૦
આપ વિયોગે આ મુજ કાયા, ક્ષિણ થશે પિયુ કળજોરે.અબળા૦

મુજ પિતાની વાત વિચારી, ઘર તરફ ઝટ ફરજોરે. અબળા૦
આશિશ આપું છું નાથ પધારો, કાર્ય તમારાં સુધરજોરે. અબળા૦

મોતીચંદ— ગીતિ.

શુણ પ્યારા સુત મારા, પધારવુંછે કેની તરફ આજે;
વસ્ત્રાભૂષણ આવાં, કયમ પેર્યાં એ તુજને નહિ છાજે,

ઝવેરચંદ—(જુઓ જુઓ વિલાસીનીશી પતિરે એ રાહ.)

જાવું જાવે પિતાજી જરૂર આજેરે;
આજ્ઞાદિયો આનંદથી. જાવું.
વણિક તણો શું ધર્મ વિચારો;
જવું વિદેશ, કરવા કમાણી કાજેરે. આજ્ઞા.
યોગ્ય ઉમરનો હુંરે થયો છું;
કરવો ઉધમ એતો મુજને છાજેરે. આજ્ઞા.
દિલ્હીનું પાણી, હરામ કર્યું છે;
હવે અહીં રહું તો મારૂં નામ લાજેરે. આજ્ઞા.
આપ રજા જો નહીં રે દિયો તો;
જશે પ્રાણ હમારો વચન કાજેરે. આજ્ઞા.

મોતીચંદ—(મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ એ રાહ.)

હે, પૂત્ર મારા તું વાત શ્રવણ કર મારી;
તું મૂકય જવાનું નામ ઉમર નથી તારી, હે પૂત્ર.
ઈશ્વર પરતાપે ખોટ નથી આ ઘરમાં;
તું ખા, પી કર્યને લહેર સોચ્ય દીલ ધરમાં. હે પૂત્ર.
જે નિર્ધન હોય, તે ધન, કમાવા જાયે,

મુજ આંખ તણું તુ રત્ન પૂત્ર કહેવાયે. હે પૂત્ર.
જાવે મોકલું હું વાણુ કમાણીયે તારી;
પણ જાવા નહીં દઉં પૂત્ર રહોને વિચારી. હે પૂત્ર.

ઝવેરચંદ—(ઉંમનવા મારો કરસે સરક ગયોરે એ રાહ.)

માતાજી રજા આપો મુને મ્હેર કરીરે,
જાતું છે મારે જાવેરે, જેથી મન હરખાવેરે;
હું જઇને ધન કમાઉં, વેગેથી પાછો આવું;
પછી સેવા હું બજાવું, આપ તણી ખરીરે. માતાજી૦
રજા દિયોને માજીરે, અંતર્મા થઇને રાજીરે;
જો જાવા નહીં દેશો, તો ભોગ અમારો લેશો;
વળી ખોટું થયું કેશો, માનો વાત ખરીરે. માતાજી૦
કદી પશ્ચિમ ઉગે સૂરરે, પણ જાઇશ જરૂરરે;
છે વણિક તણું આ કામ, તેથી ધાલી મેં હામ;
વારી કર્યું છે હરામ, કહું પ્રેમ ધરી રે. માતાજી૦

ધનકોર—(ગુરૂ ગોવિંદના મહિના.)

કોણે કીધું ક્રૂર વચન? પૂત્રજ પ્યારા રે;
શાથી જાઉં પડે છે તન? લાડકવાયા મારારે.
શું મેણું માર્યું ધરનાર? પૂત્રજ પ્યારા રે.
તે વાત કહો નિરધાર? લાડકવાયા મારારે;
હજુ દિસો છો બાળેવેશ, પૂત્રજ પ્યારારે.
માટે જાતું નથી પરદેશ, લાડકવાયા મારારે;
જાવાની વસમી વાટ, પૂત્રજ પ્યારારે.

તું ગયેથી થાય ઉચ્ચાટ, લાડકવાયા મારા રે;
મારા દિવસ કઇ પેર જાય, પુત્રજ પ્યારા રે.
ઝુરી ઝુરી પડે આ કાય, લાડકવાયા મારા રે;
વૃધ થયા છે માતને તાત, પૂત્રજ પ્યારા રે.
માટે મુક્યૂ જવાની વાત, લાડકવાયા મારા રે;

સોરઠ.

ઝવેરચંદ—(વિમળા નવ કરશો ઉચાટ વ્હેલા એ રાહ.)

શાણા મિત્ર કહું આ વાર, વાત દીલની ખરીરે;
જઉં છું હું જાવે રળવાને, આવ્યો છું તુજને મળવાને;
નિરૂપાય થઇ જઉં છું હું, વચને કરી રે, શાણા૦
છોડી જાતાં હે મમ મિત્ર, ખેદ પામું હૃદયે બહુ અત્ર;
ચિત્ત થયું છે ઉદાસ, ચેન નહીં જરીરે. શાણા૦
ખબર રાખજો ઘર મારાનાં, માત, તાતને મુજદારાનાં;
કરૂં છેલ્લા ભાઈ પ્રણામ, મેળવશે હરીરે. શાણા૦
લેખ લલાટે મિત્ર લખ્યા જે, ટળે ન ટાળ્યા કોઇથી જરાયે;
છે વણિક તણું આ કામ, હામ જેથી ધરીરે. શાણા૦

બુલબુલખાં,— **ગીતિ.**

ભલે પધારો ભાઇ, અંગનું રક્ષણ રસ્તામાં કરજો;
ધાર્યું કામ કરીને, સત્વર પાછા વિદેશથી ફરજો.

મોતીચંદ— દેશની ગજલ.

(જલ્દી યારબલુરકે કર ઉસ શેહર એ રાહ.)

ગયો આજ પુત્ર વિદેશમાં, હાય હાય હું તો શું કરૂં;

વાટ વસમી છેરે જાવાતણી, તેની ચિંતા મુજ મનમાં ઘણી;
જ્યારે મુખ દેખીશ પુત્રનું, ત્યારે દીલમાં હુતો ઠરૂં. ગયો.
વૃધાવસ્થામાં દુઃખ આવિયું, ઇશ આવું કયમ તુને ભાવિયું;
મમ પુત્રનારે વિયોગથી, ઝુરી ઝુરી નિશ્ચે હું મરૂં. ગયો.

ગુણસુંદરી—(મુજ માતુ મરીરે ગઈ) એ રાહ.

અરેરે! મુજ સ્વામિ તજીરે દઈ, પરદેશ ગયા દુઃખીયારી થઇ;
અશ્રુ થકી આ ચિર ભિંજાયાં, રોતાં રોતાં મમરૈન ગઈ. મુજ.
અલંકાર પિયુ વિણ અંગારા, મણીધર કંઠમાં માલ થઈ. મુજ.
શયન ભૂવન ભાસકી સમ ભાસ્યું, ઝાંઝર જાણે પગ બેડી થઈ. મુજ.
દિવસ મ્હારા કઈ પેર જાશે, શી ગતિ થાશે મારી અહીં. મુજ.

(ચેનના પડે, દર્શ પીયુ વિનારે એ રાહ.

દઈ તજી ગયા, નાથ જરા ન માનીરે.
અરર હાય, વિરહ લાય, નવ સહાય, મન મુંઝાય;
જેથી થઈ દિવાનીરે. દઈ તજી.
દિવસ કેમ જશે, માહરા ભવાનીરે;
હાય હાય, પતિ વિનાય, કેમ રે'વાય, દીલ દુઃખાય;
શી ગતિ થવાનીરે. દઈ તજી.

દાસી ગુલાબ— રાગ ઉપરનો

સોચ નવ કરો, માની કહ્યું મારૂં રે;
રાખીને હામ, પ્રભુનું નામ, લિયો આ ઠામ, સફળ કામ;
કરશે એ તમારૂં રે. સોચ.
હિમ્મત મન ધરી, મુખથી એવું માગો રે;

જગતરાય, લાગું પાય, કર જે સ્હાય, સફળ થાય;
કાર્ય તો અમારૂં રે. સોચ.

ગુણસુંદરી—(અવર મંદન અલબેલો,—એ રાહ.)

ગિતા પાઠ ઉચરીયે, હવે દાસી, ગિતા પાઠ ઉચરીયે;
પીયુજી ગયા પરદેશ, તજીનેં, ત્યારે પ્રભુનેં સમરીયે. હવે.
પ્રભુએ જ્યારે પાડી મુજ પર, તેતો હવે શિર ધરીયે. હવે.
વસ્ત્ર અલંકાર દૂર કરીને, શ્વેત સાડી લાવ્ય ધરીયે. હવે.
કર જે દાસી ભોંય પથારી, પલંગ હવે પર હરીયે. હવે.
એરે ભોગવનાર ગયારે વિદેશે, ત્યારે તેને શું કરીયે. હવે.
ધર્મ પતિવ્રત પાળવો મારે, ધ્યાન કહ્યું તેનું ધરીયે. હવે.

દાસી ગુલાબ—(નારીના કટાક્ષ પાસે પુરૂષ,—એ રાહ.)

સત્ય મારી બાઈ તમે સત્ય કહો છો;
ધન્ય છે તમારી ટેક, ધર્મ લહોછો.
આપે ધર્મ જે કહ્યો તે ખરો છેજ બાઈ;
આપ ધર્મ પાળો તેમાં શું છે રે નવાઈ.
પતિવ્રતાનો ધર્મ એજ શુદ્ધ છે અતી;
તેવું આદર્યેથી વધે આયુષ પતી.
ઉત્તમ કૂળના આપવળી સુજ્ઞ છો બહૂ.
સફળ કાર્ય કરશે પ્રભુ આપના સહૂ.

(ભેરવી ત્રિતાલ)

ગુણસુંદરી—(એ જમવા અભિલાખ, સરસ મહી,—એ રાહ.)

કોઇ ન પામે પાર, ગતિનેં તારી, કોઇ ન પામે પાર;
મોહ રૂપી આ માયા કરીનેં, સુખ દુઃખ દેછે અપાર, ગતિનેં.

દ્રૌપદીને ચિર નવસેં નવાણું, પૂર્યાં તેં ભરતાર; ગતિને.
સહાય સતિની આપ કરોછો, હું છું તુજ આધાર, ગતિને.
શુદ્ધ પતિવ્રત રાખજો મારૂં, કૃપા કરી કિરતાર, ગતિને.
પતિ મારાની રક્ષા રે કરજો, દુઃખ ન દેશો લગાર, ગતિને.
નમન કરી હું યાચું છું એવું, જલ્દી મેળવ ભરથાર, ગતિને.

દાસી ગુલાબ—(પ્રિયમિત્ર વિના હો બાઇ—એ રાહ.)

બાઇ પતિવ્રતપણું તમારૂં, જોઇ ચકિત થાય દીલ મારૂં;
તમે અહોનિશ ધ્યાનજ ધરતાં, બીજું કામ કશું નથી કરતાં;
તે આપ કરો બહુ સારૂં, જોઈ ચકિત થાય દીલ મારૂં. બાઈ.
નિજ પતિનું ધ્યાન ધરો છો, વળી પાપથકીજ ડરો છો,
તે લાગે મુજને પ્યારૂં, જોઇ ચકિત થાય દીલ મારૂં. બાઈ.
ધન્ય ધન્ય તમારી જનની, ધન્ય હામ બાઇ તવ મનની;
છે સરવે હિત્ત કરનારૂં, જોઇ ચકિત થાય દીલ મારૂં. બાઇ.
અદભૂત છે ટેકતમારી, જોઇ સહાય થશેજ મુરારી;
એમ ઉર વિષે હું ધારૂં, જોઇ ચકિત થાય દીલ મારૂં. બાઇ.

માલણ કેસર—(વિરા વેશ્યાનાં યારી ઉભા અટારી. એ રાહ.)

શુણો બાઇજી મારી, વિનતી સારી, લાવી તમારા માટ.
ઉર આનંદ ધારી, ફુલની થાળી, લાવી તમારા માટ.
ચંપો, મરવો, કેતકી, ડોલર, ચંબેલીના ફુલ;
જાઇ, જુઇ, જાસુદ આદિનાં, ગુંથ્યા હાર અમૂલરે.
જુઓ આપનિહાળી, લિયોસ્વિકારી, ફુલનીથાળીલાવી તમારા માટ.
સુરભિ છે બહુ આમાં સારી, અંગે કરો પરિધાન;
ઇનામની આશાયે આવી, આપો બાઇ ઇનામરે.

અમે આપનામાળી, જુઓ વિચારી, ફુલનીથાળી લાવીતમારા માટ.

કાફી ત્રિતાળ.

ગુણસુંદરી— (પ્રણમું પદ પરમેશ–એ રાહ.)

લઇ જા અહીંથી ફુલ, નહીં એ મુજને ગમેરે. લઇજા.
જાઈ, જૂઇ, માલતી ફુલ સારાં, ગજરાહાર અમૂલ,
પતિ ગયા પરદેશ તજીને, કરીયે કેમ કબૂલ,
ધરીયે કેમ રૂદે રે, લઇજા નહીંએ.
પતિવ્રતાનો ધર્મ હું પાળું, નહીં મુજને અનુકૂળ;
સુરભિ છે એમાં બહુ સારી, નહીં છે નરતાં ફૂલ;
મુજને વિરહ દમેરે. લઇજા નહીંએ.

માલણ કેસર— ગીતિ.

નથી જોયા દરિયાખાં, વજીર અહીંનો ત્યાં સુધી કાચું;
તેના આગળ તુચ્છ છે, મનુષ્ય સરવે માનો મન સાચું.

ગુણસુંદરી— રાગ.

દૂષ્ટણી જા નીકલ જા નીકલ જા નીકલ
મલીન માલણી નીકલ— દૂષ્ટણી.
તારી પ્રાણ હાણ થશે, શંખણી તુ જારેજા;
દૂરજા, ક્રૂરજા, રાંડજરા નહી તુ બલ. દૂષ્ટણી.
હીરો કાચ કદી ન થાય, શેષમણી કયમ લેવાય;
જાય પ્રાણ, થાય હાણ, પ્રપંચ શું કરે પ્રબલ. દૂષ્ટણી.
ધિક્ ત્રિયા ધિક તુને ધિક તારી જાતને;
માતનેં, તાતનેં, જાણી તારી સરવ કલ. દૂષ્ટણી.

હરિયાખાં—(દીલ ખુશ પ્યારી રાજ કુમારી—એ રાહ.)
નિરૂપમ નારી, શેઠની પ્યારી, આજ મારી નજરે પડી છે.
કટિ શોભાયે સિંહ લજવાયે, નવલ પરી વિધિયે ઘડીછે. નિરૂપમ.
સોળ વરષની, સુંદર શ્યામા, મદમાતી મદમાં ભરી છે. નિરૂપમ.
કનક કળસ કુચ કંચુક કશીયા, તે નિરખી ચિત્તમાં ચડીછે. નિ૰
નયન કટારી, મુજને મારી, કામણ એતો ગઈ કરીછે. નિરૂપમ.

પીલુ બરવો.

(બેન બની એવી રસ્તા મહીં રે.—એ રાહ.)

હાય! હજુ કેસર નહીં આવી;
પ્રાણ હરાના ખબર ન લાવી. હાય.
જાણે ખુદા શું વાત બની ત્યાં;
રાંડ ગઈ મુજ વિત્ત પડાવી. હાય.
ખાન પાન ગુણગાન ગમેના;
બાવરો મુજને ગઈ છે બનાવી. હાય.

ગીતિ.

ચંચળ ચોર ચતુરા, ચીત ચોરાણું દેખી મુખ તારૂં;
ચેન મને દીનરેને, થતું નથી સુખ લુંટાણું મારૂં.

માલણ કેસર—(મરજી શું પુછો મારી સરકાર—એ રાહ.)

નહીં નહીં હવે જાઉં સરકાર;
તિરસ્કાર મ્હારો બહુ કરિયો,
વળશે નહીં એમાં કાંઇ નિરધાર, નહીં.
આપ તણું મેં નામ જ્યાં આપ્યું;
મળિયો મુજને બહુજ માર. નહીં.

ઇનામ મોટા મારે ન જોઇએ;
દિયો રજા મુજને નામદાર. નહીં.
શરિર એનું છેક સુકાયું;
પણ છે એનામાં બળ ભંડાર. નહીં.

હોરી.

(સાવરો હજુયે ન આયો—એ રાહ.)

ધન્ય બાઇ ટેક તમારી, તમારીરે. ધન્ય૦
ટેક તમારી જોઇ મન મારૂં રીઝે;
ભક્તિ તમોને છે પ્યારી;
પતિ ચરણમાં પ્રીતિ તો રાખો,
ગિતા પાઠ ઉચ્ચારી, પતિવ્રત પાળો છો ભારી. ધન્ય૦
વસ્ત્ર આભૂષણ તુચ્છ ગણીને;
અંગથી નાખ્યાં ઉતારી,
લોહી સૂકાવ્યું દેહ દમીને;
ભોંય કરોછો પથારી, રીતિ તમે રાખો છો સારી. ધન્ય૦
કઠોર વચન હું આપને બોલી;
પછી મનમાં હું વિચારી,
પસ્તાવો થયો અતિસે મુજને;
માફ કરો બાઇ મારી, અરજ આ મારીસ્વિકારી,—ધન્ય.

દાસી ચંપા—(ચેનના પડે, દર્શ પીયુ વિનારે) એ રાહ.

શેઠજી તમે, વિનતી સુણજો મારીરે;
બાઇ જે મારા, વધૂ તમારા, ધર્મથી ન્યારા, ચાલે નઠારા,

વજીરથી રમે નારીરે;— શેઠજી.
દરિયાખાંનની, સાથે પ્રીત જોડીરે,
લાવીને વ્હાલ, વિંટીરૂમાલ, પૂજેછે હાલ, કરો સંભાલ;
છબિ કરે છે પ્યારીરે,— શેઠજી.
શરમ કૂળ તણી, દઇ તજી દિવાનીરે;
ધરીને પ્યાર, ઘરમાં યાર, લાવે છે નાર, કરો વિચાર;
સૂત વહુ તમારીરે,— શેઠજી.
ગુલાબ રાખીતી, ગણી પવિત્ર આપેરે;
આ તમામ, એનું કામ, કર્યું હરામ, ડુબાવ્યું નામ,
લૂણ હરામી નારીરે,— શેઠજી.
ગરિબ જાત હું, રહુ કદી આ વાસેરે;
કહી બિનાય; જાહેર થાય, જગતમાંય, આબરૂ જાય;
દીલ જુઓ વિચારીરે,— શેઠજી.
લાયક નહી હવે, વધૂની પાસ રે'વુંરે;
લાગુ પાય, ઘો રજાય, અરર હાય, કયમ રે'વાય;
નાર થઇ નઠારીરે,— શેઠજી.

ગુણસુંદરી—(અગ્નીરે દેવા પ્રભુ) એ રાહ.

શંભુનાથ દેવા પ્રભુ શંભુનાથ દેવા;
નમન કરૂં છું પ્રિતે શંભુનાથ દેવા.
ગિરિજાપતિ આ મારી, વિનતિને ઉર ધારી;
મતિ દીયો સારી સારી, કરૂં તારી સેવા,— શંભુ.

મમપતિ સુખીથાય, એની કરજે સહાય;
સોતો જાણું દીલ માંય, મળ્યા મિષ્ટ મેવા,–શંભુ.

ચોતીચંદ—(જુઓ જુઓ વિપ્રે ભીડી હામ) એ રાહ.

હાય હાય વધૂ તુને છે ધિક્કાર,
સાધવી થઇ આ શું કીધુ રે,
વ્યભિચારી નીવડી તુ હાય નાર, સાધવી.
છેક મૂકી લાજ બની તુ છિનાળ, સાધવી.
તુને અવલોકી ઉપજે છે કાળ. સાધવી.
મમ પૂત્રને તેં આપ્યો, પરદેશ, સાધવી.
કરવાને આતું કામ, હમેશ, સાધવી.
રાખે સતિતણો ઢોંગ તુ અપાર, સાધવી.
વળી કરે મુખે ગિતાનો ઉચ્ચાર, સાધવી.
પ્રેમ ગાંઠ બાંધી તેં કરી, પ્રયાસ, સાધવી.
પણ થયું તારૂં પોગળ પ્રકાશ, સાધવી.
મ્લેચ્છ સાથે તેં જમાવી હાય પ્રીત, સાધવી.
જોઇ જોઈ તારી સાધવીની રીત, સાધવી.
કરે મધુપાન ઘરમાં પુરી યાર, સાધવી.
અરે ! કરે વળી માંસનો અહાર, સાધવી.
વાઢી નાખ્યું તેં ઉભય કુળ નાક, સાધવી.
હાય ! હાય ! જરા નાવી તુને ધાક, સાધવી.
કુટીલા તેં મૂકી દીધો કુળાચાર, સાધવી.
ધિક્ જાત માત તારીને ધિક્કાર, સાધવી.

રે'વા યોગ્ય નહીં માહરે અવાસ, સાધવી.
હવે છોડ મગદાર કેરી આશ, સાધવી.

દાસી ગુલાબને

ધિક ધિક્ છે ગુલાબ તારી જાત,
દગો અપાર હુંથી કર્યો રે;
કેમ જાહેર કરી નહીં તેં વાત, દગો૦
પણ કૃત્ય તારાનું આ પરિણામ, દગો૦
અન્ન ખાઇ મારૂં કર્યું તેં હરામ. દગો૦

દાસી ગુલાબ—(હાડાજી શું કરો) એ રાહ.

શેઠજી શું આ કરો સાહસરે, પતિવ્રત બાઇ મારી પાળેરે.
શુદ્ધ ભક્તિથી પાળે પતિવ્રત, ગિતા વાંચી નિશદિન ગાળેરે.શે૦
ગયા જ્યારથી વિદેશ શેઠ, ત્યારથી દુઃખી દિન ન્યાળેરે.શેઠજી૦
ક્રોધ કર્યાનું કારણ શું છે ? આવો નહીં અહીં કોઇ કાળેરે.શે૦
આપ વચન મમબાઇ શુણીનેં, રોઇ રોઇ આંસુડા નિંગાળેરે.શે.

ગુણસુંદરી—(સૈયર દુઃખ શું દાખવું એ રાહ.)

આશું ? વદો ધરી ક્રોધનેં, સસરાજીરે આપ;
ચૂકી નથી વ્રત માહરૂં, રાખો બાપજી માપ,— આ શું.
વિંટી છબિનેં રૂમાલ શું, જાણું નહીં હું જરાય;
ક્રૂર વચન આ ઉચ્ચારતા, કરો હીલની માય. આ શું.
સુત તમારા જાવે ગયા, ત્યારથી હું ઉદાસ;
રહું છુ ગિતાનેં ઉચ્ચારીનેં, દાસી ગુલાબ પાસ, આ શું.
માજા ઉલ્લંઘી મૂકુ નહીં, સતિયો છાંડે ન સાચ;

અગ્નિ શિખા અધો જાય ના, હિરો થાય ન કાચ, આ શું.
ક્રોધ સમાતોને આપજી, નથી છોડી મેં ટેક;
પશ્ચિમ સૂર્ય ઉગે નહીં, વદૂં શું હું વિરોક, આ શું.
ભરમાવ્યા કોણે આપને, અરે ! આમ અપાર;
આમ અચાનક આવીને, દિયો શું ફિટકાર, આ શું.

દેશની ખમાચ.

ગયા સ્વશુર આ વાર, દઇને ફિટકાર;
હવે ધિક્ અવતાર, વિષ ખાઇ મરૂં,
હાય હાય હું નાર, વ્યભિચારી ઠરી. ગયા.
કહ્યું ધિક્ છે નાર, પૂરી ઘરમાં યાર;
રમે નિત તું જાર, વિષ ખાઇ મરૂં,
હાય હાય હું નાર, વ્યભિચારી ઠરી. ગયા.
આવ્યું કલંક શિર, હવે રહે ન ધીર;
પાડું આજ શરીર, વિષ ખાઇ અરે.
હાય હાય હું નાર, વ્યભિચારી ઠરી. ગયા.
સખી લાવ હથિયાર, મરૂં આજ હું નાર;
હવે જીવવું ધિકકાર, વિષ ખાઇ મરૂં;
હાય હાય હું નાર, વ્યભિચારી ઠરી. ગયા.

દાસીગુલાબ— **સિંહાનો કનરો.**

ધૈર્ય ધરો દીલ બાઇ હો મારી, ઇશ્વર કરશે સ્હાય તમારી,
શુદ્ધ પતિવ્રત જોઇ તમારૂં, ઇશ કરશે સહુ સારૂં વિચારી. ધૈર્ય.
સિતા દમયંતી દ્રૌપદી નારી, તે સતિયો પણ થઇ દુ:ખીયારી. ધૈર્ય.

પીયર પધારો નીડર થઇને, વ્હારે ચડશે જગરાય તમારી. ધૈર્ય.

ગુણસુંદરી—(પાપી ચુપ પાપી ચુપ) એ રાહ.

પાપી દૂર પાપી દૂર પાપી દૂર રે.

અરે! માન, તું હેવાન, તારી હાણુ, થશે જાણુ, વેળા તુજ અવસાન;
છોડ તારી નશાન, ભૂલી જા નહીં તું ભાન, ટળ ટળ તું હેવાન;
નારી પરની હેરાન, કરસ નહીં તું નાદાન. પાપી.

(પીયુને તજાવનાર વેરી અલંકાર) એ રાહ.

અરે ! આમ અહીં કોણ લાવીયું મુને;
અચાનક આ શું આવ્યું દુઃખ હું પરે—ટેક.
હાય! કોનાં મ્હેલમાં હુંતો ફસાણી છું;
સખી સમજાવ મુને હકીકત તું અરે.
ખચિત દરિયાખાંયે ફસાવી મને;
વિશ્વપતિ ક્યમ આવું ગમે છે તેને. અરે.
પારાધિનાં પાસમાં હું મચ્છલી પડી;
જશે કેમ દિન મારા રે! રડી રડી. અરે.
કંથનો વિયોગ અને કલંક શિરે;
આવ્યું છે નેં વળી દુઃખ પાપીગો ઘરે. અરે.
કષ્ટ કેટલું હું વિભુ સહન કરૂં;
આત્મઘાત કરી અહી હું હવે મરૂં. અરે.
દયાળુ તું દેવ શાને નિર્દય થયો;
દુઃખનો ડુંગર મુજ શિર કાં ધર્યો. અરે.
સાચવજે શિળ મારૂં અવિનાશીરે;

કિંકરીનાં દુઃખો હરો નમે દાસી રે. અરે.
દુષ્ટ ધાર્યું કરવામાં લાવશે ન રે'મ;
હાય ! શિળ મારૂં હવે સચવાશે કેમ. અરે.

દાસી ગુલાબ—(ભરથરી ભ્રાતા વિચારીને એ રાહ.)

મમ બેની છેક (૨) તુ હિમ્મતને નહીં હાર;
નિયતિનું નિર્મેલ તે, નવ મિથ્યા થાય લગાર, મમ.
છો સુસુ અતી (૨) કલ્પાન્ત જરા નહીં કરશો;
શુદ્ધ પતિવ્રત રાખીને, એક ધ્યાન પ્રભુનું ધરશો. મમ.
કલ્પાન્ત કરે (૨) એમાં શું બીજું થાય;
ધિરજ ધારી દીલમાં, કરો છુટવાનો ઉપાય. મમ.
શુદ્ધ ભક્તિ દેખી, (૨) ઇશ કરશે સ્હાય તમારી;
શિર કલંક ઉતારશે, જગકર્ત્તા દેવ મોરારી. મમ.

દરિયાખાં—(પ્રિયા મુજ પ્રાણ થકી પ્યારી) એ રાહ.

સ્વાધીન થા પ્રેમ ધરી પ્યારી, માની લે વચન આ નારી.
રસિકડી મુખ બતાવીને, કોર્યું તેં કાળજું મારૂં;
તનથી, મનથી, તુજને, ધનથી,
રાખીશ હું સુખી સદા સારી. માની લે. સ્વા.
આશકથી નેહ નિભાવીને, રહો રંગે સદા રામા;
મુજનાં, મનનાં, ઉભરા, લલના,
શાન્ત તું કર ખુશી ધારી. માની લે સ્વા.
માનીશ જો નહીં કહ્યું મારૂં, ખુવારી છે જતો તારી;
છળથી, કળથી, ભુજના, બળથી;
કરીશ હું પ્રિય તુને પ્યારી. માની લે સ્વા.

ગુણસુંદરી—(મળજો મળજો મળજોરે) એ રાહ.

પડાણુના પદના ધારીરે, લખે પત્ર મિત્રની નારી. પડાણુ.
ખબર લેજો અમારીરે, લખે પત્ર મિત્રની નારી. પડાણુ.
પતિ મારાનાં જાવે જવાથી, રે'તી એકાંત વ્રત ધારીરે.લખે.
ધ્યાન હું ધરતી પિતા ઇશનું. પતિને રાખે સુખકારીરે.લખે.
દાસી ગુલાબની પાસ હું રે'તી. ગિતા પાઠે ઉચ્ચારી રે. લખે.
એવી સ્થિતિમાં, સ્વશુરે આવી, બહુ મને ફિટકારીરે. લખે.
વિંટી, છબિને રૂમાલ કાઢ્યાં, તપાસી મુજ પથારી રે. લખે.
ક્યાંથી આવ્યા તે હું નવ જાણું, નિરદોષી છું નારી રે. લખે.
વળી એ બોલ્યા ધિક છે તુજને, મ્લેચ્છ સાથે કરી યારીરે.લખે.
વિદાય કીધી પિયેર મારા, ક્રોધે ભરાઇને ભારી રે. લખે.
રસ્તે હરણ કરી દરિયાખાં લાવ્યો, માણસ મારા સંહારીરે.લ.
દુષ્ટ શિયળ મારૂં ભંગ કરવા, યુક્તિ કરેછે ન્યારીરે. લખે.
વ્રત અબોલા મેં ધાર્યું છે, સાચવવા ટેક મારીરે. લખે.
વ્રતનું પૂજન કરવા માટે, પુનમ જશું મહા કાળીરે. લખે.
એ તિથિનો વાયદો દીધો, દાસીએ દીલ વિચારી રે. લખે.
નિશા સમે ત્યાં આવજો વ્હેલા, સાચવી મિત્રાચારી રે. લખે.
માતા કાળીએ આવશો નહીં તો, ઘાત કરીશ હું મારીરે.લખે.
આપ આશાએ પ્રાણ રાખ્યો છે; બેઠી છું હિમ્મત હારીરે.લખે.

દાસી ગુલાબ—(હાંડાજી શું કરો સાહસ) એ રાહ.

રક્ષારે કરજો નાથ સતિની, પતિવ્રતા અબળા હસાઇ રે;
શુદ્ધ સતિનું સત્ય જો જારો, વાત જેમ ચાલશે હવાઇ રે. ૨.

કૃપા કરીને સહાય કરજ્જો, વાત આ બની છે દુઃખદાઇ રે. ૨.
વ્હારે ચડીને હે, જગ કરતા, કષ્ટથી છોડાવો મુજ ભાઇરે.૨.

બુલબુલખાં—(વિમળા નવ કરશો ઉચાટ) એ રાહ.

વાંચી પત્રને સઘ પટાણુ, વ્હારે આવશોરે.
પ્રિયમિત્ર પતિ મારાનાં, ખબર લેજો આ અબળાનાં;
તમ મિત્રની ફર્જ આજ, બજાવશો રે. વાંચી.
મિત્ર તમારા ગયા છે જાવે, દરિયાખાં મુજને અકળાવે;
દુષ્ટ દીયે છે દુઃખ આવી. છોડાવશોરે,—વાંચી૦
પિયર જાતાં હરી એ લાવ્યો, મારી મારાં માણુસ ફાવ્યો;
એ કાફરને મન વિચાર, ખોટા વશ્યોરે,— વાંચી૦
કેદ કરી તમ મિત્રનીદારા, અંગે વરસે છે અંગારા;
થઇ ગઇ છું બેહાલ, અરજ ઉર ધારશોરે,— વાંચી૦
દેવી પૂજનનો મેં મીષ લીધો. સાથે આવવા પ્રપંચ કીધો;
નિશા પુનમની જાણી, નહીં; વિતાડશોરે,— વાંચી૦
રાહ તમારી મંદીર જોઇશું, નહી આવો તો પ્રાણુજ ખોઇશું
શુદ્ધ બિરદ તમ ધારી, સઘ પધારશોરે,— વાંચી૦

(જુઓ જુઓ વિપ્રે ભીડી હામ) એ રાહ.

હાય હરી મુજ મિત્ર તણી નાર,
મારીને ચકચુર કરૂંરે.
પાપી વજીર થયો છે અંધકાર, મારીને.
કરે વજીર થઇને આવાં કાજ, મારીને.
સારે પ્રજા કેમ કરતાં ધરે લાજ, મારીને.

શુદ્ધ સતિને દીયે ઘણું દુઃખ; મારીને.
ધિક્ ધિક્ તેની જનેતાની કુખ, મારીને.
આજ ચલાવું હું શૂરી શમશેર, મારીને.
ઘણા દિવસનું વાળું મારૂં વેર, મારીને.
પત્ર વાંચીને લાગી છે દીલજવાળ, મારીને.
દુષ્ટ કેરી આજ પાડું જઇ ખાલ, મારીને.

વિદુષક—(છે જન પાલક ટાળક દુઃખનો) એ રાહ.

સૌ સાંભળો સજન વાત કહું, મુજનાર રૂપ ભંડારરે;
તાવડી તળીયા સરખું મુખ, જોઇ તેને હું પામું સુખ;
સરવે વિસારૂં છું દુઃખ, ભાગ્ય તણો નહી પારરે—સૌ.
ડાકણુ જેવી દિપતી દેવી, અવર નાર મેં જોઇ ન એવી;
મંજારી જેવી તો આંખ, જુઓ માથા માંહે લાખ;
ગાલ ગુલાબી જેવી રાખ, શોભા સુંદર સારરે—સૌ.
ઘેર જોઉ જો હુતો ચાલી, ગાળો ભાંડે કાં ભમરાળી;
મારે એતો મોટી લ્હાણુ, શું તેના હું કરૂં વખાણુ;
છે એ મારી વ્હાલો પ્રાણ, ધન્ય મારો અવતારરે—સૌ.
ગુસ્સા માંહી એ જો આવે, ડહક ડહક મુજને રોવરાવે;
આંસુડાંની ધારા થાય, ચાંપે બંદા સારે પાય;
ધમાધમી એવી નિત થાય, બંદાને દરબારરે—સૌ.

ગુણસુંદરી—(દેહનાં રૂપે દાટ વાળ્યો) એ રાહ.

અરે આ શી ગતિ મારી, થઇછે રે! વિભુ ન્યારી.
પતિ મારા મુજને તજી, ગયા વિદેશની માંય;

પાછળી દારૂણ દુઃખથી થઈ દુખીયારી હાય !
કર્યાં શાં પાપ મેં ભારી, મુંઝાયે છે મતિમારી—અરે.
કલંક મુજ શિર આવીયું, નવ જાણું હું નાર,
સસરે ક્રોધ કરી મને, કાઢી ઘરથી બ્હાર,
ગઈ છું દુઃખથી હારી, થઇ બેહાલ હું નારી,— અરે,
પિયર જાતાં હરી લાવીયો, કાફર દરિયાખાંન;
બંધન કરી આ મહેલમાં, રાખે છે નાદાન,
કરૂં શું હાય! દીન નારી, લજ્જા ઈશ રાખ જે મારી—અરે.
શિયળ ભંગ કરવા મુને, આપે દુઃખ અપાર;
નવ માને એ પાપીયો અબળાનો પોકાર,
દયા સિંધુ દયા ધારી, ચડો વ્હારે હવે મારી— અરે.

સોરઠો.

બુલબુલખાંને ત્યાંય, ગઇ છે દાસી પત્ર લઈ;
ખબર લઇને આંય, કેમ હજુ આવી નહી.

(જો તું તારી ચાહે ખ્વારી) એ રાહ.

હે મહાકાળી, કિંકરી તારી, છે દુઃખીયારી, કર કર સ્હાય;
સે ઉર સાની, અર્જ ભવાની, હું અબળાની, કરકર સ્હાય.
દીન દયાળી, હે ભય ટાળી, હે અસુરારી, કરકર સ્હાય.
શર્ણાગત તારી, ઉગાર મારી, શૈલ્ય કુમારી, કરકર સ્હાય.
દરિયાખાં દુષ્ટ આ, મુજ શિયળ તોડવા;
કામાંધરે થયો, પ્રિતિને જોડવા.
શું હાય હું કરૂં ? હવે આજ અહી મરૂં;

કાં માત કરત તું, સત્વર બુદ્ધબુદ્ધખાતિ સહાય. હે મહા૦

(મુને ઉડાવના તું જઈને લાવ, એ રાહ.)

મુને સતાવના પાપી હેવાન, જા દૂર, ઓ નાદાન, ઓ ના-
દાન, ઓ નાદાન, મુને૦

થશે પાપી તું હેરાન, જશે નકી તારો જાન,
પરદારાપર મોહી જા માં, દૂર થા, કાફર તું દિવાના;
થામાં થામાંરે ક્રુર થામાં, શિયળ ખંડન કરવા ધામાં,
બેઅમાન, રે! માન, હેવાન, તું દિવાન, નાદાન, નાદાન,–મુ.

(નહીં નહીં નહી તું ધિક્કાર) એ રાહ.

રે! ક્રુર નહીં નહીં તુ ઉચ્ચાર;
પાપી કાળ, આવ્યો તારો હવે નિરધાર. ક્રુર.
વજીર તણુ તેં નામ લજાવ્યું, (૨)
થઇશ તું પાપી હવે ખરાબ ખુવાર, ક્રુર.
હરીલાવી, મુને તાવી, કરી દુ:ખીયારી ભારી;
જા હરામી ધિક તુને ધિક્કાર ધિક્કાર. ક્રુર.

(નાશરૂદીન પાદશાહ પાસે ગુણસુંદરી પોતાનો સર્વે હેવાલ જાહેર કરે છે)

(મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણો) એ રાહ.

શુણો દિલ્હી તખ્ત ધરનાર, અરજ આ મારી;
હું થઇ ગઇ છું બેહાલ, પિતા દુ:ખીયારી,
હું કહુ સર્વ વૃતાંન્ત, આપને મારો;
તે ધ્યાન ધરીને, ન્યાય આપજો સારો. શુણો.
મુજપતિ ગયા પરદેશ, કરીને ન્યારી;

જેથી રે'લી હું ઉદાશ, ગિતાને ઉચ્ચારી,
મેં પતિવ્રતાનો ધર્મ, આદર્યો મારો;
સુચવતી શુભ વિચાર, ગુલાબ હજારો.   શુણો.
કેસર આવી એક દિન, ભ્રષ્ટ વિચારે;
કરવા દરિયાખાં સાથ, પ્રીત એ ધારે,
મુને ઉશ્કેરી બહુ રીત, થવા વ્યભિચારી;
કીધું દરિયાખાં સાથ, રાખ તું યારી.   શુણો.
ચડયો ક્રોધ મુજને, વચન શુણી ધા કારી;
મેં કાઢી ઘરથી બ્હાર, બહુજ ધિક્કારી.
તે પછી આવી એક દિન, મુજ અવાસે;
હું હતી ધ્યાનમાં સતિ, ગુલાબની પાસે.   શુણો.
તે ગયા બાદ સ્વશુર, મારે ત્યાં આવ્યા;
હું જાણું નહીં કંઈ વાત, કેણે ભરમાવ્યા,
પૂછી ગાછી નહીં વાત, તપાસી પથારી;
મુને કહ્યું ધિક્ તુજ જાત, મ્લેચ્છથી યારી.   શુણો.
મુદ્રિકા છબિને રૂમાલ, બતાવી મુજને;
કહ્યું યોગ્ય નહી મમદાર, ધિક્ છે તુજને;
મુને વિદાય કીધી, પિયર માંહી જવાને;
મેં સંભાર્યા જુગદીશ, વ્હારે તું ધાને.   શુણો.
દરિયાખાં રસ્તે, કરવા હરણ મુજ આવ્યો;
મુજ માણસનાં કરી ખુન, નિજ ઘર લાવ્યો,
મુજ વ્રતનો કરવા ભંગ, મુજને પીડી;

મેં ધરી અમોલા વ્રત, હામ બહુ ભીડી,
મમ પતિ તણાં મિત્રનેં, ખબર મેં કહાવી;
મારી કીધી છે રક્ષાય, કાળીયે આવી. શુણો.

બેગમ—(આપને ક્યાં ખવાબ દેખાયા) એ રાહ.

ખાવિંદ મેરા ભાઇકું અબ મત ફાંસી દીયો;
યહ અર્જ મેં રોશન કરતી હું ધ્યાનમેં લીયો. ખાવિંદ.
દિલ્હેશ એક બખ્ત માફી, ઉસ્કું અબદેના;
માન મેરા ખાતિર ઉસ્કું, શાહ બચા લેના. ખાવિંદ.
ગુનેગાર વો બડા હે મેં, સબ પિછાનતી;
યહ બાત સુનકે દીલ મેરેમેં ગમગીની હોતી. ખાવિંદ.
ભાઇ મેરા એક હે વો, ઓર નહીં હે શાહ પ્યારે;
માફી બક્ષો મ્હેર કરકે, દીલકે પ્રાન હો હમારે. ખાવિંદ.

વનિતા વૃંદ— મારૂજીનો ગરબો.

સખીઓ આજ ઉત્સવનો દીન,
અતિ રળીયામણો રે લોલ;
પધાર્યા ઝવેરચંદજી શેઠ,
આનંદ ઉરમાં ઘણો રે લોલ. સખીઓ.
સુખીઆ કરીઆ માતને તાત,
ધન લાવી ઘણું રે લોલ,
ભાંગ્યું શેઠે મેણું આજ,
નિજ વનિતા તણું રે લોલ. સખીઓ.
ઉગ્યા આંગણે સુર તરૂ આજ;

કોટી સોના તણા રે લોલ,
ચાલો જઇએ પ્રિતે લઇએ;
શેઠનાં વારણાં રે લોલ. સખીઓ.

ઝવેરચંદ—(અરે કૃત્ય આ શું આચર્યું રે) એ રાહ.

શાહ ચરણમાં શિશ નમાવું, ધ્યાન ધરો એક અરજ જણાવું;
આપ ખુદાવિંદ દયા દીલ લાવો, વણિક તણો મુજ ધર્મ પળાવો.શા.
ત્રણ વર્ષે હું જાત્રેથી આવ્યો, મુજ માન ખાતર એને બચાવો.શા.
આનંદનો દિન આજ છે મારો, દરિયાખાંને ફાંસીથી ઉગારો.શા.
અપરાધીને હું આજ બચાવું, વિશ્વ વિષે જેથી ગુણી કહાવું. શા.

કવિરાજ— કવિત.

સુન હો સુજાનશાહ દિલ્હીપતિ જાનમેરે;
અરજ હમારી એક અંતરમે લીજીયેં.
કહે કવિરાજ આજ પાદશાહકે પાદશા;
શેઠજીકી અર્જપેં નિગાબહોત કીજીયેં.
નેકનામદાર ઇનસાફ આપકોં અદલ;
ગુન્હેગાર કેરા શિર મત ઊડા દીજીયેં.
દેશાટન કરકેં શેઠ આયે હે ઘરૂં જબ;
માફી સજાવારકું માન ખાતિર દીજીયેં.

દરિયાખાં—

(હમતો આશક હે તેરી નાઝ ઉઠાને વાલે, એ રાહ.)

ખુદા ખાવિંદ થયો છું હું, ગુન્હેગાર તારો;
અબળા જાતિ પરે હાય! જુલમ મેં ગુજાર્યો. ખુદા.
પરદારા હરી હું લાવ્યો, ઘરમાંયે રાખી;

થઇ પાપી ખરી દુઃખમાંય, કર્યો મેં કેર કાળો. ખુદા.
મોહ લુબ્ધ થઇને, કર્યું શું કર્મ મેતો;
સતિ નારી પીડીને, વિચાર ખોટો દીલ ધાર્યો, ખુદા.
પૂરણ શિક્ષા મળીઆ, મરૂ ફાંસીયે ચડીને.
હવે અપરાધ મારી બક્ષો, ખુદા આજ મારો. ખુદા.

(અરે ઓ સખી મરદ મુજ જાન) એ રાહ.

અરે ઓ શેઠ હુંતો પાપી, ડુબાવી આપની નારી.
કહુંછું આપ પગ ચાંપી, કર્યો છે જુલ્મ મેં ભારી.
હરી તમ નારને મેતો, અતિ દુઃખ આપીયું મેતો;
રાખી ઘરમા અરે મેતો, પિડા કીધી અરે ભારી. અરે.
ગુન્હા મારાને ઉડાવી, દયા દીલમાં તમે લાવી;
અપાવી મુજને માફી, લીધો ફાંસીથી ઉગારી. અરેઓ.

ઝવેરચંદ—(પ્રિય બેની શાને, એ રાહ.)

ધન્ય ધન્ય મિત્ર તમે ઉપકારી;
રાખી આબરૂ ખ્યાતિ વધારી. ધન્ય.
મિત્રાઇ સાચી આપે જણાવી;
પૂષ્ટિ કરી ધરમમાં વિચારી. ધન્ય.
સ્હાય કરી મુજ પ્રાણ પ્રિયાને;
પાપી હસ્તેથી છોડવી ઉગારી. ધન્ય.
આપ તણો હું જનમો જનમનો;
ખરે થયો છું પૂરણ આભારી. ધન્ય.
ત્રણ વર્ષે હું જાવેથી આવ્યો;
લિયો આપ તણી આ કટારી. ધન્ય.

જુલજુસખાં— ગીતિ.

મિત્રની ફર્જ બજાવી, આભાર મારો નહીં જરા માનો;
શીદ એશિંગણુ થાઓ, એમાં તે ઉપકાર ભાઇ શાનો?

જવેરચંદ— શિખરિણી છંદ.

મૃદુભાષિણી તેં, મન હરણુ મારૂં નકીં કર્યું;
કહું શું મિનાક્ષી, પતિવરત પાળ્યુ તવ ખરૂં.
પિડા વેઠી ભારી, શિયળ નવ ચૂકી દિલ થકી;
પ્રિતીરીતિ સાચી, મુજ મન વસી તું કહું નકી.

(ધીરજ ધર પ્યારી મારી બલિહારી) એ રાહ.

હો પ્યારી શિયળ તવ ભારી, તારી તારી બલિહારી;
તુજ ટેક એક સારી, વ્હાલી પ્રાણુ મારી.—હો પ્યારી.
તુજને તજીને પ્રાણુ, વિદેશ ગયો હું જાણુ;
પ્રાણુ પ્રાણુ અતી દુ:ખદમાંય પડી મારી—હોપ્યારી.
દાખી નીતિ રીતિ સારી, આબરૂ વધારી મારી;
પ્યાર પ્યાર ધરી પ્યાર ભેટ કર મારી,—હોપ્યારી.

(ઘરસે ઇહાં કોન ખુદાસે લીયે લાયા) એ રાહ.

અહો! પ્રિયા ટેક તારી જોઇ અજાયબ થયો;
તારો મારા પ્રતિ જે પ્રેમ તે જાયે ન કહ્યો;
ગયો તુજને હું મૂકી જાવે વરપ ત્રણુ-રહ્યો;
અરે! મુજ પ્યારી તુજ પરે અતી જુલમ થયો.
દીધું દુ:ખ દરિયાખાંએ ગઈ છે તારી કાય સૂકી.
તથાપી તાહરો તું શિતળ ધર્મ નાંહી ચૂકી,
કૂળ ઉભયની લાજ રાખી દાખી સત્યતા તેં ખરી;
શોભાવ્યા માત તાતને તેં પ્રિયા ટેક ધરી.

ધન્ય પ્રિયા ધન્ય તુને શી શાબાશી હું તો દઉં;
કર્યા મેં જુલમ તેની માફી પ્રિયા આજ લઉં,

ગુણસુંદરી—(પ્યારા મારા અહો) એ રાહ.

પ્યારા મારા પતી, સુણોને વિનતી;
શિયળ સાચવી તજે ના હોય વિપતી.
આપ ગયા પછી આ અબળાપર, પડીયાં દુઃખ અપાર;
ઇશ સ્હાય કરી પરી પૂરણ, શિળ રાખ્યું ભરથાર,—પ્યારા
દીનદારાણું તમ આધારે, કહું છું સત્ય વચન,
દયા તમે દાસીપર લાવ્યા, પ્યારા થઇ પ્રસન્ન— પ્યારા.
સલિલ વિનાની મચ્છી જેવી, તેમ હું તમ વિનાય,
આપ વિરહથીબળી મરત હું, જાણો મનની માંય,—પ્યારા.

(સજ થઈ સાથે આવીશું એ રાહ.)

કીધી પ્રેમની કસોટી (૨) પ્રભુએ પ્યારા.
વાંક તમારો, નવ પીયુ ધારો.
પ્રીત જાણી સાચી કે ખોટી, પ્રભુએ૦
પ્રાણ જતાં સતિ સત્ય ન ચૂકે,
ભલે પડે આપતિ મોટી. પ્રભુએ૦

સર્વપાત્રો— (જય અંતે થશે એ રાહ.)

જય નિશ્ચે થશે, શિયળ ધર્મ જ્યાં હશે;
ધન્ય ઝવેરચંદ નાર, ગુણ સુંદરી;
શિયળ ટેક ખડક ધાર, સાચવી ખરી,
દુખદ માંયે, દરિયાખાંયે, રાખી ધર વિષે. શિયળ૦
સાવીયો કરીને હર્ષ, પ્રીતિ જોડવા;

પાપીએ ચલાવી ચોટ, શિયળ તોડવા,
લાજ રાખી, પાછો નાંખી, સહાય કરી ઇશે. શિયળ૦
અગાધ સ્નેહ દપતીનો, પૂરણુ જામિયો;
વ્યભિચારી હરિયાખાન, શિક્ષ પામિયો,
સઉ સમાજ, મળીને આજ ગુણગ્રહિ જશે. શિંયળ૦
ખામી ખોડ ભૂલ ચૂકને નિવારશો.
આર્ય ભ્રાત અન્ય ખેલમાં, પધારશો,
કરી પ્રણામ, જઇ મુકામ આનંદ ઉર વસે. શિયળ૦

॥ समाप्तोऽयंग्रन्थः ॥

લી.

ચિરપાળ વિ. હંસરાજ શાહ.

સૂચના.

ભારત ભૂમિના મહત્ મનસ્વિન્ પુરૂષોની મહત્વતાને માન આપી વિનયપૂર્વક વિજ્ઞપ્તિ કરૂં છું કે-"મારા તરફથી નીચે લખેલા પુસ્તકો બહાર પડેલાં છે. તો જેઓ સાહેબોને મંગાવવા મરજી હોય, તેમણે નિચેના શિરનામે તથા, "ભાવનગર આર્ય સત્ય ધર્મ વર્ધક" નાટક મંડળીનો જ્યાં મુકામ હોય, ત્યાંથી મંગાવી લેવાં.

નામ.	કિમ્મત.
રણજીતસિંહ કળાવંતીનાં ઓપેરા.	૦—૨—૦
જ્ઞાનઃયોગી જીન સ્તુતિ સંગ્રહ.	૦—૧—૬
જ્ઞાનોપદેશિક પ્રાર્થનાવળી.	૦—૧—૬
સુબોધવક્તા સ્તવનાવળી.	૦—૨—૦
ગુણસુંદરી નાટકનાં ઓપેરા	૦—૨—૦
જશવંતસિંહ રાઠોડનાં ઓપેરા (છપાય છે)	૦—૨—૦
કુસંપ વધ.	૦—૦—૬

સામટી મંગાવનારને ટકા (૨૦) વિશ પ્રમાણે કમીશન આપવામાં આવશે. વધારે સમજુતિ પત્રદ્વારાએ કરવામાં આવશે નાટપેડ પત્ર લેવામાં આવશે નહીં.

ધ્રાંગધરા-કાઠિયાવાડ. } વિરપાળ વિ. હંસરાજશાહ.
અધિપતિ "વિદ્યાકલ્પલત્તા" આફીસ